# બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :

# ઈસુ અને જાખી




લેખક : Edward Hughes

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

સુચરિત્ર કરનાર : Janie Forest

અનુકૂલન : Ruth Klassen


60 વાર્તા 53


**www.M1914.org**

***Bible for Children,*** *PO Box 3, Winnipeg, MB R3C 2G1 Canada*



પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.


ગુજરાતી Gujarati



એક દિવસે ઈસુ યરેખો થઈને જઈ રહ્યાં હતાં. આ શહેર ઘણા વર્ષો પહેલા યહોશુઆના સમયમાં નાશ પામ્યું હતું. પણ હવે આ નગરને ફરી બાંધવામા આવ્યુ હતું.

1



યરોખોમાં ઘણા લોકોને તે માણસ ગમતો ન હતો. કારણ કે તે લોકો પાસે કરના નાણા ઉઘરાવતો હતો. જાખી અમૂક પૈસા સરકારને મોકલતો હતો જ્યારે થોડા પોતાની પાસે રાખતો હતો.

2


કર ઉઘરાવનાર હોવાથી (દાણી) તે હવે ઘણો પૈસાદાર બની ગયો હતો. તે
જગ્યામાં તેનું ઘર સૌથી વધુ મોટું અને સારું પણ હોઈ શકે.
3


તે ઠીંગણો હતો-પણ પૈસામાં
નહી- ફક્ત કદમાં જ. તે બીજા
વ્યક્તિઓ જેટલો ઉંચો થઈ
શક્યો ન હતો.
4


જ્યારે જાખીએ સાંભળ્યું
કે ઈસુ યરીખોમાં છે ત્યારે આ ઠીંગણા દાણીને ઈસુને જોવાની
ઉત્કંઠા થઈ આવી કે જે ઈસુ ઈશ્વરપુત્ર હોવાનો દાવો કરતો હતો.
પણ લોકોનું ટોળું ખૂબ જ ઊંચુ હતું... લોકો પણ ઊંચા હતાં.
5


જાખીને એક વિચાર આવ્યો. જો તે
લોકોની આગળ પહોંચી જાય અને
એક ઝાડ પર ચઢી જઈને લટકીને
ઈસુને જોઈ શકે તેમ છે.
6


ત્યાં એક ગુલ્લરનું ઝાડ હતું. તેની
પર જાખી ચઢી ગયો અને તેની
ડાળી પર એક જગ્યાપર બેસી
ગયો. તે ત્યાંથી ઈસુની આવવાની
વાટ જોવા લાગ્યો. “હા હવે મને
બરાબર દેખાય છે.” તેણે મનમાં
કહ્યું હશે. “હું તેને જોઈશ
પણ તે મને જોશે નહીં.”
7


“જાખી નીચે ઉતરી આવ” આ
કર ઉઘરાવનાર તેના કાને પડેલાં
શબ્દો પર વિશ્વાસ કરી શક્યો
નહીં. ઈસુ ઝાડની નીચે ઉભા
હતા. ઈસુ તેની સામે જોઈ
રહ્યાં હતાં. ઈસુ તેને
બોલાવી રહ્યાં હતાં.
8



જાખીને આશ્ચર્ય લાગ્યું કે ઈસુ
તેને બોલાવી રહ્યાં હતાં. જ્યારે
ઈસુએ તેને કહ્યું કે, "આજે હું
તારા ઘરે આવવાનો છું." ત્યારે
તે વધુ છક થઈ ગયો હશે.
જાખી એટલો ઝડપથી નીચે
ઉતર્યો કે લગભગ તે
ગબડી પડ્યો.

9

જાખીને જ્યારે ખબર પડી કે ઈસુ તેના ઘરે આવવાના છે
ત્યારે તે રોમાંચક બની ગયો હશે. પણ લોકોને તે ગમ્યું
નહીં. તેઓએ ફરીયાદ કરી કે ઈસુએ પાપીના ઘરની
મુલાકાત કરવી જોઈએ નહીં.



10



પ્રભુ ઈસુ જાખીના માટે
તદ્દન નવું જીવન લઈ
આવ્યા. જાખીએ કહ્યું,
"પ્રભુ હું મારી અર્ધી
સંપત્તિ ગરીબોને આપું
છું. અને જો મેં છેતર્યો છે
તો હું તેને ચાર ગણું
પાછુ આપીશ."

11

ઈસુ જાખીના નવા
જીવનથી ખુશ થઈ
ગયા. તે જ્યારે કોઈપણ
વ્યક્તિ પાપમાંથી પાછા
ફરે છે અને ભલું કરે છે
ત્યારે તે બાબતને ખૂબજ
પસંદ કરે છે. ઈસુએ
કહ્યું કે માણસનો દીકરો
ખોવાયેલું શોધવા તથા
તારવા આવ્યો છે. તે
દિવસે યરીખોમાં ઈસુએ
જાખીને શોધી કાઢ્યો.



12

ઈસુ અને જાખી

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

લૂક ૧૯

"તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે."
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબતો
કરી છે, જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મોત છે.

ઈશ્વર આપણને પ્રેમ કરે છે, તેમણે તેના પુત્ર ઈસુને વધસ્તંભ
પર મૃત્યુ પામવા મોકલી આપ્યા જેથી આપણા પાપની શિક્ષાનું દેવું
ચૂકવી શકે. ત્યારબાદ તેઓ મૃત્યુમાંથી ઉઠીને સ્વર્ગમાં ગયા છે,
હવે ઈશ્વર આપણા પાપ માફ કરી શકે છે.

જો તમે તમારા પાપથી પાછા ફરવા માંગતા હોય તો ઈશ્વરને કહો કે :
વ્હાલા ઈશ્વર હું માનું છું કે ઈસુ મારા માટે મરી ગયા છે અને ફરી જીવતા
થયેલા છે. કૃપા કરીને મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો,
જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને જેથી તમારી સાથે સદાકાળ જીવી શકું.
તમારો બાળક બનવા મારી મદદ કરો. આમીન. યોહાન ૩:૧૬

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો.